ક્રમાંક:પરચ/સેલ્ફ ફાય/મેનેજમેન્ટ/પ્રવેશ/ફી/૨૦૨૩-૨૪/૬-૪/૨૩

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી,
જાવક નં. ૧૯૦૬૨-૧૯૦૯૬/૨૩ છઠ્ઠો માળ, નેશનલ હેલ્થ મિશન ભવન,
સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર

તા. ૯/૯/૨૩

પ્રતિ,

સભ્યસચિવશ્રી,

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજયુએટ મેડીકલ એજયુકેશન કોર્ષિસ,

જીએમઇઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગર.

વિષય:- તબીબી સ્નાતક અભ્યાસક્રમમાં શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૨૩-૨૪ માટે સરકારી-સેલ્ફ ફાયનાન્સ/ મેનેજમેન્ટ કવોટા અને એન.આર.આઇ કવોટાની બેઠક ઉપર એડમીશન આપવા બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીનો સરખા ક્રમાંકનો તા.૨૦/૦૭/૨૦૨૩નો પત્ર

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, જીએમઇઆર સોસાયટી હસ્તકની મેડીકલ કોલેજો ખાતે તબીબી સ્નાતક અભ્યાસક્રમમાં શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૨૩-૨૪ માટે સરકારી-સેલ્ફ ફાયનાન્સ/મેનેજમેન્ટ કવોટા અને એન.આર.આઇ કવોટાની બેઠક ઉપર એડમીશન આપવા તેમજ ટ્યુશન ફી નકકી કરવામાં આવેલ છે.

પ્રસ્તુત બાબતે વર્ષ-૨૦૨૩-૨૪ માટે નીચે મુજબના ફીના ધોરણ નિયત થયેલ હતા

પત્રક-૧

| ક્રમ | બેઠકનો પ્રકાર | જીએમઇઆરએસના ફીના ધોરણો |
|---|---|---|
| ૧ | સરકારી કવોટા | રૂ. ૫.૫૦ લાખ |
| ૨ | મેનેજમેન્ટ કવોટા | રૂ. ૧૭.૦૦ લાખ |
| 3 | એન.આર.આઇ કવોટા | ૨૫૦૦૦/- યુ.એસ ડોલર |

વર્ષ-૨૦૨૨-૨૩ માટેના ફીના ધોરણો નીચે મુજબ હતા.

પત્રક-૨

| ક્રમ | બેઠકનો પ્રકાર | જીએમઇઆરએસના ફીના ધોરણો |
|---|---|---|
| ૧ | સરકારી કવોટા | રૂ. 3.30.000/- |
| ૨ | મેનેજમેન્ટ કવોટા | રૂ. ૯.૦૭.૫૦૦/- |
| 3 | એન.આર.આઇ કવોટા | ૨૨૦૦૦/- યુ.એસ ડોલર |

ઉપરોકત પત્રક-૧માં જણાવેલ ફીના ધોરણો હાલ પુરતા સ્થગિત રાખવામાં આવે છે. અને અગાઉના વર્ષ-૨૦૨૨-૨૩ માટે પત્રક-૨માં દર્શાવેલ ફીના ધોરણો યથાવત રાખવામાં આવે છે.

વધુમાં હાલમાં એમ.બી.બી.એસ. ના સ્નાતક અભ્યાસક્રમ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થયા બાદ પ્રથમ રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. પરંતુ વર્ષ-૨૦૨૩-૨૪ માટે અગાઉની એટલે કે વર્ષ-૨૦૨૨-૨૩ની ફીનું ધોરણ યથાવત રહેતા નવેસરથી પ્રથમ રાઉન્ડ માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. પ્રવેશ પ્રક્રિયા માટે બેઠકો અંગેની વિગતો અત્રેની કચેરીના તા.૨૦/૦૭/૨૦૨૩ના પત્ર મુજબ યથાવત રહેશે.

ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર
જીએમઈઆર સોસાયટી
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

- અંગત સચિવશ્રી, માન. આરોગ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.
- રહસ્ય સચિવશ્રી, માન.અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું કાર્યાલય, બ્લોક નં. ૭, સચિવાલય ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી, માન.કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને ત.શિ નું કાર્યાલય, બ્લોક નં. ૫, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, બ્લોક નં. ૪, જુના સચિવાલય ગાંધીનગર.
- ડીનશ્રી, જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર, ધારપુર-પાટણ, હિંમતનગર, જુનાગઢ, વડનગર, વલસાડ, મોરબી, પોરબંદર, નવસારી, રાજપીપળા અને ગોધરા તરફ જાણ અને ઘટતી કાર્યવાહી સારૂ.

નકલ રવાના:-

હિસાબી શાખા;સદર કચેરી તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ